# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૨૮/૧૧/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. **સેક્રેટરી**)

---

# ચેમ્બરમાં 'ગુજરાત ઉર્જા વિકાસ નિગમની સ્કીમમાં ભાગીદારી કરવાની સુવર્ણ તક' વિશે સેમિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, તા. ૨૭ નવેમ્બર ૨૦૨૦ના રોજ 'ગુજરાત ઉર્જા વિકાસ નિગમની સ્કીમમાં ભાગીદારી કરવાની સુવર્ણ તક' વિશે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્યોગકારોને સરકારના સ્મોલ સ્કેલ પ્રોજેકટ અને પાવર પરચેઝ એગ્રીમેન્ટ પોલિસી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં રિન્યુએબલ એનર્જીનો ટાર્ગેટ ૧૭૫ ગીગા વોટ પ્રાપ્ત કરવાનું આહ્વાન કરવામાં આવ્યું છે. જેમાંથી ૧૦૦ ગીગા વોટ જેટલું સોલાર માટેનું ટાર્ગેટ છે. જેને હાંસલ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ નીતિઓ ઘડી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જેમાંથી એક નીતિ તરીકે સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુટેડ સોલાર છે. આ નીતિમાં અડધાથી ચાર મેગા વોટ સુધીનો સોલાર પાવર પ્લાન્ટ કોઇપણ વ્યકિત નાંખી શકે છે અને તેમાંથી ઉત્પન્ન થતી વીજળી સરકાર દ્વારા જી.યુ.વી.એન.એલ. થકી ૨૫ વર્ષ સુધી ફિકસ ભાવે ખરીદી શકે છે.

સરકારની આ યોજનામાં ૧૦૦૦ મેગા વોટ જેટલો ટાર્ગેટ ગુજરાત સરકાર દ્વારા રાખવામાં આવ્યો છે. આથી તેમણે નાના રોકાણકારોને સોલાર પાવરમાં ધંધો કરવાની વિશાળ તક હોવાથી આ યોજનાનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો.

ગોલ્ડી સોલાર પ્રા.લિ. કંપનીના વાઇસ પ્રેસિડેન્ટ (ઇપીસી સેલ્સ એન્ડ માર્કેટીંગ) શિવકુમાર પંડયાએ ગુજરાત સરકારની સોલાર પોલિસી વિશે સમજણ આપી હતી. આ પોલિસી અંતર્ગત વિવિધ ઉદ્યોગો, ખેડૂતો અને રહીશોને કયા પ્રકારના લાભ થઇ શકે તે વિશે તેમણે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે કહયું હતું કે, અડધા મેગા વોટથી લઇને ચાર મેગાવોટ સુધીનો સ્મોલ સ્કેલ પ્રોજેકટ સ્થાપિત કરીને સરકાર સાથે પાવર પરચેઝ એગ્રીમેન્ટ પોલિસી અંતર્ગત ૨૫ વર્ષ સુધીનો કરાર કરવાનો હોય છે. જેમાં સરકારને પાવર વેચીને ફિકસ ઇન્કમ મેળવી શકાય છે.

તેમણે સરકારના પાવર પરચેઝ એગ્રીમેન્ટ પોલિસી અંગેના નીતિ નિયમો વિશે માહિતી આપી હતી. સોલાર ટેકનોલોજીમાં લેટેસ્ટ અપડેશન વિશે જાણકારી આપી તેમણે ગોલ્ડી સોલાર પ્રા.લિ. કંપનીનું નજીકના સમયમાં મોડયુલ મેન્યુફેકચરીંગ કેપેસિટી એકસ્પાન્શન ૧.૨ ગીગા વોટ થનાર છે તે અંગે પણ ચર્ચા કરી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સેમિનારનું સંચાલન કર્યું હતું.